વલસાડના ઉપરવાસમાં હજુ પણ મુશળધાર વરસાદ ચાલુ હોવાના અહેવાલ

મેઘાની ધમાકેદાર વાપસી: ધરમપુરમાં 8 ઈંચ

વલસાડના કાશ્મીર નગર, વલસાડ પારડી, તરીયાવાડ, હનુમાન ભાગડા, કૈલાશ રોડ પર ફરી વળ્યા

તંત્ર દ્વારા નીચાણવાળા વિસ્તારોમાં એલર્ટ જાહેર

ભારે વરસાદની આગાહીને પગલે નદીકાંઠાના વિસ્તારોમાં સતર્ક રહેવા અપીલ



વલસાડ જિલ્લાનો 24 કલાકનો વરસાદ

ધરમપુર	૮ ઈંચ
વલસાડ	૪.૭૬ ઈંચ
પારડી	૩.૩૫ ઈંચ
નાનાપોંઢા	૨.૮૭ ઈંચ
કપરાડા	૨.૬૮ ઈંચ
વાપી	૧.૨૨ ઈંચ
ઉમરગામ	૦.૬૩ ઈંચ

વલસાડ : વલસાડઃ વલસાડ જિલ્લામાં થોડા દિવસના વિરામ બાદ ચોમાસાએ ફરી એકવાર ધમાકેદાર વાપસી કરી છે. વરસાદની આ બીજી ઈનિંગ્સમાં જિલ્લાના અનેક વિસ્તારોમાં સારો વરસાદ નોંધાયો છે. જોકે, પ્રથમ તબક્કાની જેમ લાંબા સમય સુધી પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ નહોતી. શહેરો અને ગામોમાં કેટલાક સ્થળોએ થોડા સમય માટે પાણી ભરાયા હતા, પરંતુ વરસાદ થંભતા જ પાણી ઝડપથી ઓસરી જતાં જનજીવન પર મોટી અસર જોવા મળી નહોતી.

સવારે ૬ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધીના ૧૨ કલાક દરમિયાન ધરમપુરમાં સૌથી વધુ ૧૯૮ મિ.મી. (આશરે ૮ ઈંચ) વરસાદ નોંધાયો હતો. જ્યારે વલસાડમાં ૧૨૧ મિ.મી. (૪.૭૬ ઈંચ), પારડીમાં ૮૫ મિ.મી. (૩.૩૫ ઈંચ), નાનાપોંઢામાં ૭૩ મિ.મી. (૨.૮૭ ઈંચ), કપરાડામાં ૬૮ મિ.મી. (૨.૬૮ ઈંચ), વાપીમાં ૩૧ મિ.મી. (૧.૨૨ ઈંચ) અને ઉમરગામમાં ૧૬ મિ.મી. (૦.૬૩ ઈંચ) વરસાદ નોંધાયો હતો.ઉપરવાસના ધરમપુર અને કપરાડા વિસ્તારમાં ભારે વરસાદને પગલે જિલ્લાની નદીઓના જળસ્તરમાં વધારો થવાની શક્યતાને ધ્યાનમાં રાખી વહીવટી તંત્ર દ્વારા વલસાડ શહેર સહિતના નીચાણવાળા વિસ્તારો માટે એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. નદીકાંઠાના વિસ્તારોમાં રહેતા લોકોને સાવચેત રહેવા તેમજ સ્થિતિ પર નજર રાખવા સૂચના અપાઈ છે.

જિલ્લામાં દિવસભર વરસેલા વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. પ્રથમ ઈનિંગ્સ જેવી ગંભીર પૂરની સ્થિતિ આ વખતે ટળી છે. હવામાન વિભાગે આગામી બે દિવસ દક્ષિણ ગુજરાતમાં હળવાથી ભારે વરસાદની આગાહી કરી હોવાથી તંત્ર સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે. વલસાડ કાશ્મીર નગર, વલસાડ પારડી, તરીયાવાડ, હનુમાન ભાગડા, કૈલાશ રોડ પર ફરી વળ્યા હતા. ઉપરવાસમાં હજુ પણ મુશળધાર વરસાદ ચાલુ હોવાના અહેવાલ છે, જેના પરિણામે વલસાડના મુખ્ય કૈલાશ રોડ પર પાણી ફરી વળ્યા છે.

નાનાપોંઢામાં 4 બોટ, 24 જે.સી.બી, 26 ટ્રેક્ટર સહિત કર્મચારીઓને સ્ટેન્ડ બાય રખાયા

વલસાડ : વલસાડ જિલ્લામાં હવામાન વિભાગની આગાહી વચ્ચે કપરાડા અને નાનાપોંઢા તાલુકાઓમાં પણ નદીઓમાં પાણી વધતા ટીડીઓ, મામલતદાર, તલાટીઓ 24 કલાક સ્ટેન્ડ બાય રાખવામાં આવ્યા હતાં. નાનાપોંઢા ટીડીઓ પ્રીતેશ બારિયાએ જણાવ્યું કે, અગાઉ જ્યાં પાણી ભરાયા હતા એ પંડોર, રાતા, અંભેટી, લવાછા ગામોમાં 24 જે.સી.બી, 26 ટ્રેક્ટર મુકાયા છે, તો તંત્ર દ્વારા ફાળવવામાં આવેલી 4 બોટો પણ આવી પહોંચી છે. ઉપરાંત તલાટીઓ, કર્મચારીઓ, લાઈફ જેકેટ, ટ્યુબ સહિતની જીવન રક્ષક વસ્તુઓ પણ ઉપલબ્ધ કરી દેવાઈ છે. દરેક ગામોના સરપંચો, તલાટીઓ સહિતને પણ જરૂરી માર્ગદર્શન આપી દેવાયું છે.

ઉપરવાસનાં વરસાદથી ઔરંગા નદી બે કાંઠે

વલસાડ : ઉપરવાસના વિસ્તારોમાં ધાણીધાર પડેલા ભારે વરસાદના કારણે મોડી સાંજે વલસાડ નજીકથી પસાર થતી ઔરંગા નદી બે કાંઠે વહેતી થઈ છે. નદીમાં પાણીની આવક સતત વધતા જળસ્તર ભયજનક સપાટી નજીક પહોંચી ગયું છે. સ્થિતિ પર કાબૂ મેળવવા અને જાનમાલનું નુકસાન અટકાવવા વલસાડ પ્રાંત અધિકારી વિમલ પટેલ, વલસાડ નગરપાલિકા ચીફ ઓફિસર (CO), નગરપાલિકા કારોબારી ચેરમેન તથા પોલીસ કાફલો તાબડતોબ સ્થળ પર દોડી ગયો હતો. પ્રશાસન અને પોલીસની સંયુક્ત ટીમો દ્વારા લોકોને ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ધરમપુર તાલુકામાં અતિભારે વરસાદથી જનજીવન પ્રભાવિત

નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા અને વૃક્ષ ધરાશાયી

પ્રિમોન્સૂન કામગીરી સામે સ્થાનિકોમાં રોષ

આસીફ શેખ

ધરમપુર : ધરમપુર પંથકમાં સતત વરસી રહેલા અતિ ભારે વરસાદને કારણે શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં જનજીવન અસ્તવ્યસ્ત બન્યું હતું. નટવર પાર્ક, મસ્જિદ ફળિયા, રજવાડી દુકાન અને કંસારા વેલ્ડિંગ વર્કશોપ નજીક જાહેર માર્ગો પર ઘૂંટણસમા પાણી ભરાતા વાહનચાલકો તથા રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

લાંબા સમય સુધી પાણી ભરાઈ રહેવાથી દુકાનોમાં ગ્રાહકોની અવરજવર પણ પ્રભાવિત થઈ હતી. સ્થાનિકોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, જો વરસાદ પહેલાં ગટર અને ચેમ્બરોની યોગ્ય સફાઈ કરાઈ હોત તો આ પરિસ્થિતિ સર્જાત નહીં. બીજી તરફ, ત્રણ દરવાજા નજીક સર્કિટ હાઉસ વિસ્તારમાં પવનના સુસવાટા વચ્ચે ગુલમહોરનું વિશાળ વૃક્ષ ધરાશાયી થયું હતું.

માહિતી મળતા જ તંત્રની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચીને માર્ગ પરથી વૃક્ષ હટાવવાની કામગીરી પૂર્ણ કરી હતી, જેથી વાહનવ્યવહાર પૂર્વવત થઈ શક્યો હતો.

વલસાડ જિલ્લામાં 180 માર્ગો બંધ કરાયા

વલસાડ : વલસાડ જિલ્લામાં ભારે વરસાદને લઇ તમામ નદીઓ બે કાંઠે વહેતા તમામ કોઝવે અને ચેકડેમ કમ કોઝવે ઓવર ટોપિંગ થતા સાવચેતીના ભાગરૂપે તંત્ર દ્વારા રાત્રે 8 વાગ્યા સુધીમાં કપરાડા 39, ધરમપુર 59, ધરમપુર વાંસદા 3, પારડી 27, નાનાપોંઢા વાપી 13, ઉમરગામ 1 અને વલસાડ મળી કુલ 180 માર્ગોને બંધ કરાયા છે. આવાગમન અટકી જતા દૂધના ટેન્કરો અટકી જતા પશુ પાલકો દૂધ બગડી જવા ભયે ચિંતામાં છે.

દમણમાં દરિયામાં ભારે કરંટ જોવા મળતા મોજા ઉછળ્યાં

દમણમાં પવન સાથે વરસાદી માહોલ જામ્યો

દમણમાં આજે 1.49 ઈંચ જેટલો વરસાદ નોંધાયો

દમણ : સંઘપ્રદેશ દમણમાં શુક્રવારે ભારે પવન વચ્ચે વરસાદી માહોલ જોવા મળ્યો હતો. હવામાન વિભાગ દ્વારા આગામી 24 કલાક દરમિયાન વરસાદની આગાહી કરી હતી. આગાહી વચ્ચે શુક્રવારે દમણમાં ભારે સુસવાટા પવન સાથે વરસાદ વરસતા સમગ્ર વિસ્તારમાં ચોમાસાનો માહોલ છવાઈ ગયો હતો. ભારે પવન વચ્ચે વરસેલા વરસાદને કારણે અનેક સ્થળોએ લોકોને જાણે મીની વાવાઝોડું ફૂંકાયું હોય તેવી અનુભૂતિ કરી હતી.

બીજી તરફ દમણના દરિયામાં પણ ભારે કરંટ જોવા મળ્યો હતો. આ તરફ ખેતી માટે લેવાયેલા પાકને જરૂરી ભેજ અને પાણી મળી રહેતાં ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી હતી. હવામાન વિભાગની આગાહીને ધ્યાનમાં રાખી પ્રશાસને સતર્કતાના ભાગરૂપે પ્રદેશની તમામ શાળાઓ, કોલેજો તેમજ અન્ય શૈક્ષણિક સંસ્થાઓને એક દિવસ માટે બંધ રાખવાનો આદેશ કર્યો હતો. જેના પગલે સમગ્ર દમણમાં શૈક્ષણિક સંસ્થાઓ બંધ જોવા મળ્યા હતા. દમણમાં સવારે 8 વાગ્યાથી સાંજે 5 વાગ્યા સુધીમાં કુલ 1.49 ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. ત્યારે આગામી 24 કલાક દરમ્યાન દમણ તથા આસપાસના વિસ્તારોમાં ચલો એલર્ટ સાથે વરસાદ વરસવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરાતા પ્રશાસને નાગરિકોને સાવચેતી રાખવાની અપીલ કરી છે.

વલસાડ તાલુકામાં 800 લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા

તંત્ર દ્વારા પ્રથમ વખત મોટા પ્રમાણમાં ટ્રેક્ટરો અને માછીમારોની બોટ સ્ટેન્ડ બાય રખાઈ

વલસાડ : અતિભારે વરસાદની સંભાવના વચ્ચે વલસાડ તાલુકાના ભાગડાખુર્દ, ભાગડાવડા, લીલાપોર, ભદેલી જગાલાલા, કાશ્મીર નગર માંથી 800 લોકોનું સ્થળાંતર કરાયુ હતું. શુક્રવારે વહેલી સવારથી આખો દિવસ પૂર અથવા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિને પહોંચી વળવા માટે આપત્તિ વ્યવસ્થાપનની ટીમોને સાધન-સામગ્રી સાથે સજ્જ રાખવામાં આવી હતી. બોટ, લાઈફ જેકેટ, દોરડા, કટર અને લાઈટિંગ સિસ્ટમ સાથે ડિટીમોને સ્ટેન્ડ-બાય રાખવામાં આવી હતી. તો પ્રથમ વખત મોટા પ્રમાણમાં ટ્રેક્ટરો અને માછીમારોની બોટ તૈયાર રખાઈ હતી.

કલેક્ટર નીતિન સાંગવાને નવસારી જિલ્લા બોર્ડરથી લઈ મહારાષ્ટ્ર બોર્ડર સુધીનું નિરીક્ષણ બાદ સમીક્ષા કરી હતી.

ઔરંગાના જળસ્તરમાં વધારો થતા લોકોનું રામલાલા હોલમાં સ્થળાંતર

વલસાડ : ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે વલસાડની જીવાદોરી સમાન ઔરંગા નદીના જળસ્તરમાં સતત વધારો નોંધાયો છે. જેને પગલે નીચાણવાળા અને ભયજનક વિસ્તારોમાં રહેતા નાગરિકોને 'રામલાલા હોલ' ખાતે ખસેડી પીવાનું પાણી અને બેસવા/સૂવાની સુવિધા, ભોજન તથા નાસ્તાની સુવિધા, મેડિકલ ટીમ તૈનાત કરવામાં આવી છે.

સંક્ષિપ્ત સમાચાર

વાપીમાં બોટ સાથે સ્ટાફ સ્ટેન્ડબાય રખાયો

વાપી: હવામાન વિભાગની ભારે વરસાદની આગાહીના પગલે તંત્ર એલર્ટમોડ પર છે ત્યારે વાપીમાં રોટરી સર્કલ, હરીયા હોસ્પિટલની બાજુમાં ફાયરના વાહન અને બોટ સાથે સ્ટાફને સ્ટેન્ડબાય રાખવામાં આવ્યા છે.

વાપીના ચણોદમાં રક્તદાન શિબિર યોજાઇ

વાપી : વાપી નજીકના ચણોદ સ્થિત રાજસ્થાન ભવનમાં રાજસ્થાન પ્રગતિ મંડળ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વાપી પાલિકાના માજીસભ્ય અને સમાજસેવિકા સ્વ.મંજુબેન દાયમાની 19 મી પુણ્યતિથિએ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ, મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશ દેસાઈ, વીઆઈએ પ્રમુખ સતિષ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. દાયમા પરિવાર અને રાજસ્થાન પ્રગતિ મંડળ દ્વારા યોજાતા આ ભગીરથ કાર્યમાં મોટી સંખ્યામાં રક્તદાતાઓએ ભાગ લીધો હતો. આ વર્ષે કુલ 505 યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. બી.કે.દાયમા, મનીષા દાયમા સહિત સામાજીક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં. સ્વ. મંજુ દાયમાના સેવાકીય કાર્યોને યાદ કરતાં દાયમા પરિવારે જણાવ્યું કે, તેઓ સમાજ સેવા માટે હંમેશા તત્પર રહેતા હતાં. તેમના નિધન બાદ, આ સેવાકાર્યને આગળ ધપાવતાં દાયમા પરિવા દ્વારા દર વર્ષે તેમની પુણ્યતિથિ નિમિત્તે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવે છે.

સરીગામમાં સ્વ.કમલાશંકર રાયની પુણ્યતિથિ નિમિત્તે રક્તદાન કેમ્પ યોજાયો

ઉમેશ સોલંકી

ઉમરગામ : સરીગામમાં સ્વ કમલાશંકર રાયની 23 મી પુણ્યતિથિ નિમિત્તે રાય પરિવાર અને યુવા શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરી 510 થી વધુ બોટલ રક્ત એકત્ર કરી સાચી અનોખી શ્રદ્ધાંજલિ આપી હતી. સામાજિક આગેવાન સરીગામના સ્વ. શ્રી કમલાશંકર રાયની ૨૩મી પુણ્યતિથિ નિમિત્તે આયોજિત રક્તદાન કેમ્પમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ મોટી સંખ્યામાં રાય પરિવાર, ઉદ્યોગપતિઓ, રાજકીય અગ્રણીઓ, ગ્રામજનો, રક્તદાતાઓ, મિત્રો, મેડિકલ ટીમ, બ્લડ બેન્કની ટીમ, પત્રકારો ઉપસ્થિત રહી ઉત્તમ અને પ્રેરણાદાયક સેવા કાર્યમાં જોડાઈ રક્તદાન કેમ્પને સફળ બનાવી સ્વ. કમલાશંકર રાયને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. પિતાની પુણ્યતિથિ નિમિત્તે આ સેવા કાર્યમાં જોડાવનાર સૌનો રાકેશ રાયે આભાર માન્યો હતો.

નારગોલમાં જ્વેલર્સ સાથે રૂપિયા 1,93,500 ની છેતરપિંડી

ઉમરગામ : ઉમરગામ તાલુકાના દહાડ એન્ટેલિયામાં રહેતા અને નારગોલ ધન તળાવ પાસે ગાયત્રી જ્વેલર્સ નામની દુકાન ધરાવતા ફરિયાદી હિમાંશુભાઈ મીઠાલાલ સોનીના ત્યાં હુસેન પારડીવાલા (રહે પારડી દમણિયાઝાપા)એ આવી જણાવ્યું હતું કે, તેમની માતાના 26 ગ્રામ સોનાના હાથના કંગન વાપીની S.B.F.C. બેંકમાં ગીરવે મૂકેલા છે. બેંકની લોન અને વ્યાજ પેટે રૂપિયા 1,93,500 ભરવાના થાય છે, પરંતુ હાલ તેમની પાસે નાણાંની સગવડ નથી. જો આ રકમ તમે આપે તો હું બેંકમાંથી સોનાના કંગન છોડાવીને તેમને વેચાણે આપી દઈશ એવી વાત કરી હતી પરંતુ હિમાંશુભાઈએ હું તમને ઓળખતો નથી તમને કેવી રીતે પૈસા આપુ તેમ કહેતા હુસેને પુરાવા રૂપે બાયોડેટા અને વાપી ખાતે બેંકમાં મુકેલા કંગનનું બિલ બતાવ્યું હતું. જે બાદ હિમાંશુભાઈએ વિશ્વાસમાં આવીને હુસેનના બેંક એકાઉન્ટમાં રૂપિયા 1,93500 ટ્રાન્સફર કર્યા હતા ત્યારબાદ બંને જણા વાપી જીઆઇડીસીમાં આવેલી SBFC ગોલ્ડ લોન પાસે પહોંચતા હુસેન પારડીવાલાએ હિમાંશુભાઈને મો.સા પરથી ઉતારી ભાગી ગયો હતો. ફરિયાદી હિમાંશુભાઈએ બેંકમાં પૂછતા બેંકના કર્મચારીએ આ નામે કોઈ એકાઉન્ટ જ નથી એમ જણાવતા આખરે હિમાંશુભાઇએ બનાવ અંગે ઉમરગામ નારગોલ મરીન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

પારડી હાઇવે બ્રિજ પર કારને એસ.ટી. બસે ટક્કર મારતાં મહિલાનું મોત

પાલઘરનો પરિવાર ગુરુપૂર્ણિમાના સત્સંગમાં ભાગ લઈ કાર દ્વારા પરત ફરી રહ્યો હતો ત્યારે અકસ્માત સર્જાયો

પારડી : પારડીઃ પારડીના મોતીવાડા હાઈવે બ્રિજ પર વહેલી સવારે કલવાડામાં ગુરુપૂર્ણિમાના સત્સંગમાંથી ઈકો કારમાં મહારાષ્ટ્ર પરત ફરી રહેલા પરિવારને પાછળથી પુરઝડપે ધસી આવેલી સરકારી એસ.ટી. બસે જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં કારની પાછળની સીટ પર બેસેલી મહિલાનું ગંભીર ઈજાઓને કારણે મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય ત્રણ લોકો ઈજાગ્રસ્ત થતાં તેમને સારવાર માટે વલસાડ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

પાલઘર (મહારાષ્ટ્ર)ના ચાકે તલાવલી ગામે રહેતા ભરતભાઈ ચૌધરી અને તેમનો પરિવાર કલવાડામાં ગુરુપૂર્ણિમાના સત્સંગમાં આવ્યા હતા. સત્સંગ પૂર્ણ થયા બાદ વહેલી સવારે સાડા ચારેક વાગ્યે તેઓ ભાડે કરેલી ઈકો કારમાં પરત પોતાના ઘરે જવા નીકળ્યા હતા.

આ દરમિયાન સવારે આશરે સાડા પાંચ વાગ્યાના સુમારે તેઓ પારડી તાલુકાના મોતીવાડા બ્રિજ ચઢતાં નેશનલ હાઈવે-૪૮ પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે પાછળથી પુરઝડપે અને ગફલતભરી રીતે ધસી આવેલી સરકારી એસ.ટી. બસના ચાલકે ઈકો કારને પાછળથી ટક્કર મારી હતી. ટક્કર એટલી ભીષણ હતી કે કારની છેલ્લી સીટ પર બેસેલાં ૨૮ વર્ષીય ભાવિકાબેન ચૌધરી કારના પતરાં વચ્ચે દબાઈ ગયાં હતાં. સ્થાનિક લોકોએ ભારે જહેમત બાદ તેમને બહાર કાઢી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે વલસાડ સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

આ દુર્ઘટનામાં કારના ચાલક, મૃતકના સાસુ અને દિયરને પણ ઈજાઓ પહોંચી હતી. પારડી પોલીસે મૃતકના પતિની ફરિયાદના આધારે બસચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વાપી મનપામાં વિપક્ષને એજન્ડાની કોપી નહીં મોકલવા મુદ્દે હોબાળો

વિપક્ષના નેતાને કેબિન અને ગાડીને મુદ્દે પણ સવાલો પૂછાયા કેટલાક કામોને બહુમતીથી બહાલી અપાઈ

વાપી : વાપી મહાનગરપાલિકાની સામાન્ય સભામાં વિપક્ષના સભ્યોને એજન્ડાની કોપી નહીં મોકલવાને મુદ્દે ઉગ્ર ચર્ચા થઈ હતી. ત્યાર બાદ વિપક્ષના નેતાની કેબિન અને ગાડીને મુદ્દે પણ ભારે પસ્તાળ પડી હતી. જોકે બધા મુદ્દાઓ પ્રસાશનના હોવાથી અધિકારીઓએ તેના ઉત્તર આપીને વિપક્ષના સભ્યોને શાંત પાડ્યા હતા. સભામાં કોર્પોરેટરના માનદ વેતન તેમ જ ભથ્થાઓના કામને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

વાપીમાં પદ્મભૂષણ રજ્જુ શ્રોફ ઓડિટોરિયમમાં મેયરના અધ્યક્ષસ્થાને સભા યોજાઈ હતી. આ સભામાં મેયર દક્ષાબેન પટેલ. સ્થાયી સમિતિના ચેરમેન સતિષભાઈ પટેલ તથા ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈએ વરસાદી પાણી ભરાવાની સ્થિતિમાં મનપાના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ તેમજ અધિકારીઓ અને કર્મચારીઓએ દિવસ-રાત સતત કામગીરી કરી નગરજનોને સમયસર રાહત પહોંચાડવા માટે પ્રશંસનીય કામગીરી બજાવી તેના માટે આભાર વ્યક્ત કરીને આપત્તિના સમયમાં સૌએ ટીમભાવનાથી કામગીરી કરી તેને બિરદાવી હતી.

મનપાના અધિકારીઓ અને કર્મચારીઓએ નિષ્ઠાપૂર્વક બજાવેલી કામગીરીને પણ તેમણે બિરદાવી હતી. સભામાં કુદરતી આપત્તિના કારણે જીવ ગુમાવનાર તમામ દિવંગતોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા બે મિનિટનું મૌન રાખ્યું હતું. સભામાં કોર્પોરેટરના માનદ વેતન તથા ભથ્થાઓની મહત્તમ નાણાકીય મર્યાદા નક્કી કરવા તથા તે અંગેના નિયમોને બહાલી આપવા બાબત પણ ચર્ચા કરવામાં આવી હતી. સ્થાયી સમિતિના અધ્યક્ષ સતિષભાઈ પટેલે સરકારના પરિપત્ર મુજબ મળવાપાત્ર માનદ વેતન અને ભથ્થાઓની વિગતો સભા સમક્ષ રજૂ કરી હતી. આ દરખાસ્તને સભાએ સર્વાનુમતે મંજૂરી આપી હતી. સામાન્ય સભામાં વિપક્ષના નેતા પીરૂભાઈ મકરાણી તેમજ સિનિયર કોર્પોરેટર ખંડુભાઈ પટેલે વિપક્ષના સભ્યોને એજન્ડાની કોપી નહીં મળી હોવાને લઈને પ્રશાસન ઉપર પસ્તાળ પાડી હતી. ત્યાર બાદ હવે દરેક સભ્યને એજન્ડાની કોપી મળશે તેવો વિશ્વાસ અપાતા વિપક્ષના સભ્યો શાંત થયા હતા. આ ઉપરાંત વિપક્ષના નેતાને કેબિન કેમ નહીં આપવામાં આવી તેની સામે પણ સભામાં હોબાળો મચ્યો હતો. તેમજ વિપક્ષના નેતાને ગાડી કેમ આપવામાં નથી આવી તેની સામે પણ ઉગ્ર ચર્ચા ચાલી હતી.

અધિકારી દ્વારા જવાબ આપવામાં આવ્યો હતો કે વિપક્ષના નેતા તેમજ અન્ય કેબિન બની રહી છે. થોડા દિવસોમાં કેબિન ફાળવવામાં આવશે. ત્યાર બાદ મામલો થાળે પડ્યો હતો. સભામાં કમિશનર એન. એફ. ચૌધરી, નાયબ મ્યુનિસિપલ કમિશનર કિરણસિંહ રાણા તેમજ વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કમિશનર સાથે વિપક્ષના નેતાની તડાફડી

સભા ખંડમાં જ વિપક્ષના નેતા પીરૂભાઈ મકરાણીએ કમિશનર ચૌધરીને તેમના વલણ માટે તેમની સામે જ વિરોધ દર્શાવી કાર્યપ્રણાલી ઠીક નહીં હોવાનો જણાવ્યું હતું. ત્યારે ખંડુભાઈ પટેલે પણ એ વાતને દોહરાવી હતી. તે સમયે મ્યુન્સિપલ કમિશનર ચૌધરીએ પણ સામે ઊભા રહીને શું બન્યું તે અંગે જાણકારી મેળવી હતી. જોકે ડેપ્યુટી મેયર મિતેશભાઈએ વચ્ચે પડી કશું પણ બોલ્યા વગર મામલો થાળે પાડ્યો હતો.

વિપક્ષના નેતાને કેબિન આપોના બેનર સાથે વિરોધ

સામાન્ય સભામાં એક નાગરિક વિપક્ષના નેતાને કેબિન આપવા માટે કમિશનરને નિર્દેશ કરી પોસ્ટર બનાવી પ્રવેશ કર્યો હતો. જોકે તેમને સભા ખંડથી બહાર કાઢવામાં આવ્યા હતો. તેણે એવું કહ્યું હતું કે, ઘણી બાબતે કમિશનરને લેખિતમાં જણાવી હોવા છતાં કોઈ વાતનો જવાબ કમિશનર આપતા નથી તેથી આ પોસ્ટર સાથે મૌન વિરોધ દર્શાવ્યો હતો. જોકે આ પોસ્ટરને લઈને વાપીમાં સારી ચર્ચા ચાલી હતી.